ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 1 • અંક: 9 • તારીખ: 24 થી 30 જૂન, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રી: ધીમંત પુરોહિત • સંપાદક: અલકેશ પટેલ

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 1 • અંકઃ 9 • તારીખઃ 24 થી 30 જૂન, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રીઃ ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ

## સાંકળિયું


### કાવ્યધારા

1. ગઝલ – ગૌરાંગ ઠાકર
2. વરસાદ છે – ચિંતન આચાર્ય
3. મેળો – દેવિકા ધ્રુવ

### વાર્તા

જીવનબિંદુ - નંદિની શાહ મહેતા

### નિબંધ

સવારની ચા નો કપ સાંજે ! – ભૂપત વડોદરિયા

### બોધકથા

દુખનું કારણ

### પુસ્તક પરિચય

ધીમંત પુરોહિત



- પ્રકાશકઃ ન્યૂઝવ્યૂઝ.કોમ વતી ધીમંત પુરોહિત
- **આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :**

dhimantaajtak@gmail.com

- **અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :**

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર

# કાવ્યધારા

## ગઝલ – ગૌરાંગ ઠાકર



કોઈ ઇચ્છાનું મને વળગણ ન હો,

એ જ ઇચ્છા છે, હવે એ પણ ન હો.

કોઈનામાં પણ મને શ્રદ્ધા નથી,

કોઈની શ્રદ્ધાનું હું કારણ ન હો.

ઝાંઝવાં હરણાં થઈ દોડી ગયાં,

ને હરણને દોડવાને રણ ન હો.

આંધળો વાયુ થઈ ભટક્યા કરું,

જો ફૂલોને એની અકળામણ ન હો.

આપમેળે બંધ દરવાજા થશે.

મોત માટે કોઈ પણ કારણ ન હો.

-------------------------------

# કાવ્યધારા

## વરસાદ છે – ચિંતન આચાર્ય

આ મહેક ભીનાશની, જો નક્કી આ વરસાદ છે,
છે હવામાં લાગણી, જો નક્કી આ વરસાદ છે.
સુક્કી ભઠ્ઠ આ ચામડીમાં કૂંપળો ફૂટી રહી,
સળવળે છે ગરદનો, જો નક્કી આ વરસાદ છે.
નામ કાગળનું હવે બદલાઈ ને હોડી થયું,
બાળકો છે ગેલમાં, જો નક્કી આ વરસાદ છે.
છત્રીઓની ભીડમાં આ કોણ જે ઉદાસ છે ?
છત વગરની ઝૂંપડી, જો નક્કી આ વરસાદ છે.
ગર્જનાઓ આભ આજે શાનથી કરતું રહ્યું,
ભેંસની ભાંભર કહે, જો નક્કી આ વરસાદ છે.
થાય છે તૈયાર આજે બે બળદની જોડીઓ,
ફાળિયા મલકાય છે, જો નક્કી આ વરસાદ છે.
આ ધરાની તૃપ્તતામાં પણ ઘણો ઉન્માદ છે,
વાદળીની આંખ ભીની, નક્કી આ વરસાદ છે.

---

# કાવ્યધારા

## મેળો – દેવિકા ધ્રુવ

મનના મેદાને આ જામ્યા છે મેળા ને મેળામાં લોક
નવા આવ્યાં છે ભેળા.
સગપણના ચકડોળ તો હારે ને હારે,
બચપણથી ફરતાં રોજ રેશમને તારે.
વળગણ થઈ ઘૂમતાં સૌ સાથે ને માથે,
ને ગણગણતા ઉમટે જેમ સાગરકિનારે.
લઈ મોજાં સમ ઘેલાં આ જામ્યા છે કેવાં, લો,
મનના માંડવડે આ ઉમટ્યા છે મેળા.

ક્યાંક ઇચ્છાના રંગીન બે ફુગ્ગાઓ ફૂટે,
ને બર્ફીલા ઠંડા ગાર ગોળાઓ છૂટે.
આ ફૂટવા, છૂટવાની વચ્ચે એક હાલતો,
લોલક શો હિંચકો તો હૈયું હલાવતો,
ટકરાતા ટોળાંથી, અળગા સવેળા, તો ઠમકારે
મહાલે ભીતરના આ મેળા..

વાળુ વેળાએ મેળો વિખરાતો જાય,
ગોળ ગોળ ચકરાવો વિરમાતો થાય,
પલમાં તો લોક સૌ અલોપ થતાં જાય,
બાંધેલી ધમણો પણ ઓસરતી થાય,
ત્યાં હળવાં મૂકેલાં મારગ અલબેલાં, ત્યાગી જે
માણે માયાના આ મેળા...

# જીવનબિંદુ - નંદિની શાહ મહેતા

નામ કંઈકેટલાં નામો, લેબલો, લઈને ફરતી હું...અનુસરતી સંબંધોને...સારા-ખરાબ-સુંવાળા-રુક્ષ છતાં પણ સમયાંતરે અંકુરિત થયેલાં નામ..!

ચાલીસીના અસ્તે ઊભી રહેલી હું. સંબંધોની સગવડતા મુજબ જ લોકો ઉપયોગ કરતાં આવ્યાં. ને, બસ ઉપયોગી થતી જતી હું. પાણીની જેમ જીંદગીમાં રેલાઈ ગઈ કે પછી ઢોળાઈ ગઈ જિંદગીમાંથી જ.

સમય ચક્ર ... જન્મ.. ખુશી 'મા'ની... અફસોસ અન્યનો ... હાય..હાય..! દીકરી અવતરી એનો હાયકારો...નિરાશા... ફરીથી એક આશાને ગર્ભમાં અંકુરિત કરી, પોષી અન્યોની આશા. જન્મ...ખુશી 'મા'ની જ ...હિચકારો ...હાયકારો...!!!

હાયકારો, નિ:સાસાને તરછોડીને એ તો નાનું બાળક ધાવે એમ, જિંદગીને ધાવતી, ધવરાવતી, સીંચતી, ખીલવતી, ખુશીનાં ગીત ગાતી, ઉછળતી, કુદતી, રમતી, ભમતી જિંદગીના કુંડાળામાં ફેરફૂદરડી ફર્યા કરતી.

હા, જિંદગીની ફેરફૂદરડી...! નાની હતી ત્યારે બહેનપણીઓ સાથે ખુબ રમતી ફેરફૂદરડી. ગોળ... ગોળ...ગોળ... ને, બસ હાથ છૂટી જતો પકડમાંથી ને ચકરાતી...ચકરાતી હવામાં જ ફંગોળાતી ધબ્બ..ધબ્બ.. હવામાં અજાણ્યા હાથને શોધતી, પકડવાની કોશિશ કરતી મળતી બસ  શૂન્યતા.

આજે જિંદગી એને ફેરફૂદરડી ફેરવે છે. ચકરાય છે હવામાં ચગડોળની માફક સંબંધોના બંધનોમાં અફળાય છે, અથડાય છે, ફરીથી ફંગોળાય છે... ફરીથી હાથ શોધે છે હવામહેલમાં... ધબ્બ...ધબ્બ...

જિંદગીએ હસ્ત-મેળાપ કરાવેલા સંબંધોના હાથને પકડવાની

આજે પણ એને નરી શૂન્યતા જ મળે છે. શૂન્યતામાં પડઘાયા કરે છે ભીતરનો ઉવાં...ઉવાં... કરતો અવાજ..! દોડે છે એ અવાજ તરફને ખુબ જ નાજુકાઈથી પકડે છે અવાજને, છાતીસરસો ચાંપીને શાંત કરવાની કોશિશ કરે છે. બુચકારતી... બુચકારતી સુવાડે છે એષણાઓને કાચમાં પડેલી અગણિત તિરાડોને...તિરાડ પર હાથ ફેરવે છે.

કદાચ કોઈ જાદુગરના જાદુની જેમ ફરીથી સંધાઈ જાય એવી હજી પણ આશ છે. પણ આ શું, રક્તસ્ત્રાવ ! હા..હા..હા.. કરતી તિરાડો હસે છે એના બાલીશ પ્રયત્નો પર, હા, હસે છે...અરે. ! અટ્ટહાસ્ય કરતી તિરાડમાં જ વિલીન થઇ જાય છે જિંદગી.

કપડાને ગડી કરતી હોય તેમ ફરીથી જિંદગીને ગડી કરીને વ્યવસ્થિત કરવાના પ્રયત્નો કરે છે. ઈસ્ત્રી પણ ફેરવે છે ને વઘાર પણ... કારેલાંના શાકને ખુબ જ સ્વાદિષ્ટ બનાવતી એમ જ હવે એ ફરીથી જિંદગીને સ્વાદિષ્ટ બનાવવા મસાલાનો ડબ્બો લઇને ભભરાવવાં બેસે છે. તોયે , જાણે ભડકા આગમાં રસોઈ કરતી હોય તેમ જ અંદરના અંતર સમા ભડકાને શમાવી ના શકી. બસ, ભડકાં સંગ હોઈ...યા .... કરીને હોમાઈ જાય છે. તોયે એને ઓડકારનો અવાજ સંભળાય છે પણ એના ડૂમાનો અવાજ ... સ્વાહા....

ન જીરવાતા સંબંધોની વેદના કે પછી કહેવાતા પરિચિતોની અપરિચિતતા એને બેચેન કરે છે. અંતરના બાઝેલાં ડૂમાને પાણી સાથે ઓગાળવાની ફરીથી કોશિશ કરે છે. નરી આંખે બદલાતાં રંગોને દેખી ના શકાય પણ અનુભવી શકતી એવા કાચીંડા જેવા સંબંધોની દીવાલ પર સ-બંધન બનીને એક ખીલ્લી બનીને લટકેલા છે. જાણે દીવાલ પર લટકાવેલી ફ્રેમ પર હાર ચડાવીએ તેવી જ રીતે જિંદગીના ત્રિભેટે ભેરવી છે કે ભેટવી છે એ નક્કી નથી કરી શકતી. તાક્યાં કરે છે એ લટકતા સંબંધોની છલના સમી દીવાલો ને... અચાનક જ એ ઊભી થાય છે, દીવો પ્રગટાવે છે, ધૂપસળી જલાવી ફરીથી આશ ને મહેકાવે છે.

છિન્નભિન્ન થયેલાં અસ્તિત્વને અંકુરિત કરવા પોતે જ સર્જન કરેલી એ કોમળ આંગળીઓને વ્હાલથી પકડે છે, એની અંદર એક મજબુત પકડ જેવો વિશ્વાસ પ્રગટે છે.

સંબંધોએ છેદેલી પાંખોને ફરીથી કુમળાં ટેરવાંના સ્પર્શ થકી મલમ લગાવે છે.

ને, હવે કુમળું-કુમળું હસે છે, ખીલે છે, વહે છે એક બિંદુ બની. ક્ષણિક જિંદગીને પોષતું ઝાકળબિંદુ બની ને નહિ પણ કુમળાં ફૂલને પોષતું, એક જીવનને સીંચતું એના જ બાગનું જીવનબિંદુ.

---------------------------------------------

# સવારની ચા નો કપ સાંજે ! – ભૂપત વડોદરિયા

એક બેંક અધિકારીને સાત વરસ પહેલાં મળવી જોઈતી બઢતી છેક હમણાં મળી એટલે તે અંગેના અભિનંદનનો સ્વીકાર કરતાં તેમણે અફસોસ પ્રગટ કર્યો કે, સવારે ચાના કપની રાહ જોતા બેઠા હોઈએ અને ચાનો કપ સાંજે મળે તેવું થયું !

માણસ આ કે તે પ્રાપ્તિ માટે પોતાના મનથી એક સમયબિંદુ નક્કી કરી નાંખે છે. તે ક્ષણે તે તલપાપડ બનીને પ્રાપ્તિની કે બઢતીની રાહ જુએ છે. પછી તરસ્યા કરે છે. ખરેખર, જ્યારે તેને ઈચ્છિત ફળ મળે ત્યારે તેને થાય છે કે કેટલું મોડું થઈ ગયું ! ધાર્યા કરતાં ખૂબ પ્રસંગે પણ ગમગીન બની જાય છે.

બ્રિટનના વડાપ્રધાન ડિઝરાયલી સંઘર્ષની લાંબી મજલ પછી વડાપ્રધાન બન્યા ત્યારે એમણે આવા જ શબ્દો ઉચ્ચાર્યા હતા. વડાપ્રધાનનું પદ તો આખરે મળ્યું પણ કેટલું મોડું ! પછી તેને ખબર પડી કે કેટલીક ઘટનાઓ તો એક જ વાર બને છે. તે વહેલી મળે તો કંઈ ન્યાલ થઈ જવાતું નથી અને મોડી મળે તો કંઈ પાયમાલ થઈ જવાતું નથી. ઘણા બધા માણસોને તો તેમણે ઈચ્છેલી વસ્તુ અંત સુધી મળતી પણ નથી. કેટલાકને તેમના મૃત્યુ પછી આખી જિંદગી ઝંખેલી કીર્તિ મળી હોય તેવું પણ બન્યું છે.

મોડા મોડા પણ માંગેલું જે કંઈ મળે તેને માટે સંતોષ માનવો તે જ સાચું વલણ છે. પણ માણસનું મન એવું છે કે પોતાની ધારણા કરતાં સહેજ પણ મોડું થાય અને કાંઈક મળે ત્યારે 'વિરોધની લાગણી' સાથે તેનો સ્વીકાર કરે છે ! સવારે ઝંખેલી ચા સાંજે મળી હોય તેવું લાગે પણ ચા હજુ ગરમ જ હોય તો ઓછું આણવાની જરૂર નથી.

દરેક માણસને પોતાની જિંદગીના નકશારૂપે ઊંચો પહાડ જોવાનું જ ગમે છે. પણ યાદ તો રાખવું જ પડે છે કે જે પર્વતની ટોચ પર પહોંચે છે તેણે તળેટી તરફ પાછા ફરવાનું આવે જ છે. એક એક ટેકરી પગથિયું બને અને ઊંચામાં ઊંચા પહાડ પર તમે પહોંચો પછી શું ? કોઈ આકાશને અડી શકતું નથી. કોઈ પર્વતની ટોચ પર જ રહી શકતું નથી. કેટલાક માણસો ગૌરવપૂર્વક પર્વત પરથી નીચે ઊતરે છે, કેટલાક ગબડી પડે છે, કેટલાક ધક્કે ચઢીને નીચે આવે છે, પણ ઊંચાને ઊંચા ઊડ્યા જ કરવાનું લગભગ અશક્ય છે. માણસને કંઈ પણ મનવાંચ્છિત ફળ મોડું મળે તો તે વહેલું મળ્યું હોત તો સારું હતું એવો અફસોસ હૃદયમાં ઘૂંટતી વખતે વિચારવું જોઈએ કે આ બધું વહેલું મળ્યું હોત તો શું ફરક પડત ? આવો અફસોસ કરનાર એવું માનતા હોય છે કે આજે મોડું મળેલું ફળ

વહેલું મળ્યું હોત, પોતે જે ક્ષણે વધુમાં વધુ ઝંખ્યું હતું તે ક્ષણે મળ્યું હોત તો તેઓ આજે તેના કરતાં પણ વધુ મોટી પ્રાપ્તિને લાયક બની ચૂક્યા હોત ! હકીકતે માણસની જિંદગી સીધા ને સીધા તેમજ ઊંચે જ દોરી જતાં પગથિયાનો જ નકશો કદી હોતી નથી. કેટલાક બનાવો એક જ વાર બને છે તે વહેલા બને કે મોડા બને – વહેલા બને તો ચઢતીની વધુ તકો બાકી રહે અને મોડા મળે તો તે છેવટની તક બની જાય તેવો કોઈ નિયમ નથી.

કોઈ પણ પ્રકારની બઢતી કે પ્રાપ્તિને માણસે પોતાની લાયકાતના આખરી પ્રમાણપત્ર કે પુરાવારૂપે જોવાની પણ જરૂર નથી. ઝંખેલી વસ્તુ ચોક્કસ ક્ષણે મળતી નથી, તેનું જે દુ:ખ માણસને થાય છે, તેના મૂળમાં આ લાગણી પડેલી છે. તે માને છે કે, તેણે ઘણી વહેલી લાયકાત પ્રાપ્ત કરી લીધી છે અને આવી યોગ્યતા પ્રાપ્ત કરી લીધા છતાં પોતે માંગેલું સ્થાન કે ઈચ્છેલી સ્થિતિ પ્રાપ્ત થઈ નહીં તેનો અર્થ એ કે પોતાની લાયકાતની અવગણના થઈ ! તમે ખરેખર તમારી કોઈ લાયકાતમાં માનતા જ હો તો તે લાયકાતને તમારે અમુક દરજ્જાની પ્રાપ્તિના ગજથી માપવાની જરૂર જ નથી. એક પલ્લામાં લાયકાત અને બીજા પલ્લામાં પ્રાપ્તિ એવી રીતે જિંદગીને વજનના કાંટા પર ચઢાવવાની જરૂર નથી. માણસની જિંદગીમાં ખરેખર ધન્યતાની લાગણી આપનારી ચીજ લાયકાતની અને સુસજ્જતાની ઝંખના છે. વધુ ને વધુ કુશળ બનવાનો એક આનંદ છે. આવા કૌશલની પ્રાપ્તિ એ જ એક મોટો આનંદ છે. એવી કોઈ પણ લાયકાતને અમુક સ્થાન કે બઢતી માટેના પરવાના-પત્ર તરીકે જોવાની જરૂર નથી. સ્થાન કે બઢતી મળે તે સારી વાત છે પણ તેને જ સાર્થકતા સમજવાની જરૂર નથી. સંપૂર્ણ લાયકાત હોય અને તે લાયકાત મુજબનું સ્થાન ના મળે તો તે કોઈ મોટી કમનસીબી નથી. વધુ મોટી કમનસીબી તો પ્રાપ્ત થયેલી બઢતી કરતાં લાયકાત ટૂંકી પડે તે છે.

સર વિન્સ્ટન ચર્ચિલની રાજકીય કારકિર્દી જાણીતી છે. 60 વર્ષની ઉંમર સુધીની તેની જિંદગી એક પછી એક નિષ્ફળતાની હારમાળા હતી. મહાત્વાકાંક્ષા અદમ્ય હતી. કંઈક મળતું અને તરત ચાલ્યું જતું ! અપજશનો પોટલો મૂકીને ચાલ્યું જતું ! ચર્ચિલ માનતો કે તે ખૂબ લાયક અને કાબેલ છે. એટલે તેના પક્ષના આગેવાનો જાણી-જોઈને તેને સ્થાન આપતા નથી અને ઈરાદાપૂર્વક તેની અવગણના કરે છે. ચર્ચિલ આ રીતે

પોતાના પક્ષના આગેવાનોને ધિક્કારની નજરથી જોતો રહ્યો. છેવટે જ્યારે ચર્ચિલે ઝંખેલું વડાપ્રધાનનું પદ તેની સામે આવીને ઊભું રહ્યું ત્યારે તેનું હૃદય આનંદથી છલકાઈ ઊઠ્યું. સાથે સાથે તેને વિચાર આવ્યો કે ભૂતકાળમાં જે જે ક્ષણે મેં જે જે સ્થાનની ઝંખના કરેલી એ સ્થાનો પણ તે વખતે મળ્યાં હોત તો આજનું આ ઈનામ પ્રાપ્ત કરવાનું શક્ય રહ્યું હોત ખરું ? તેણે ભૂતકાળના બનાવો પર નજર કરી અને તેને અચંબો થયો કે ભૂતકાળમાં માગેલાં સ્થાનો તેને મળ્યાં હોત તો તે હકીકત જ તેની આજની સૌથી મોટી ગેરલાયકાત ગણાઈ હોત અને યુદ્ધકાળે બ્રિટનના વડાપ્રધાન બનાવાની આજની તેની સૌથી મોટી લાયકાત પેદા જ થઈ ના હોત ! હીટલરની સાથે શાંતિ-સંધિ કરવાની નીતિ, જર્મની માગે તે આપીને સમાધાન કરવાની ચેમ્બરલેઈનની નીતિનો એ ભાગીદાર બન્યો હોત તો તે યુદ્ધમાં સપડાયેલા બ્રિટનનો આગેવાન બની જ ના શક્યો હોત !

મોડે મોડે માણસને જે કાંઈ મળે છે તે માટેની તેની લાયકાતના મૂળમાં ભૂતકાળની આવી ઘણી 'ગેરલાયકાતો' પડી હોય છે. સ્ટાલિનની ઊંચાઈ ઓછી ના પડી હોત અને લશ્કરમાં ભરતી થઈ ગયો હોત તો તે લશ્કરમાં જ કોઈક નાની કે મોટી પાયરી પર પહોંચીને ગુમનામ નિવૃત્તિમાં ધકેલાઈ ગયો હોત ! અમેરિકાના મશહૂર વાર્તાકાર ઓ. હેનરીને હિસાબની ગોલમાલના ખોટા આરોપસર જેલમાં મોકલવામાં આવ્યો ન હોત તો તેણે વાર્તાઓ જ લખી ના હોત ! હકીકતે માણસે પોતાની માનેલી બધી લાયકાત છતાં મળેલી નિષ્ફળતાઓમાંથી જ એક લાયકાત પેદા થાય છે, જે નવી સફળતાને પ્રાપ્ત કરવામાં નિમિત્ત બની રહે છે.

એક રશિયન કવિએ ઠીક કહ્યું છે કે આકાંક્ષાના બહુ ઊંચા વડને પાણી પાયાં અને આવા મોટા ઝાડને બહુ જ નાનકડા ટેટા આવ્યા ત્યારે છાતી બેસી ગઈ ! બીજી બાજુ સહેજ પણ ઊંચા નહીં ચઢી શકતા વેલા જમીન પર પથરાયા. આ જમીનદોસ્ત વેલાનાં તડબૂચ જોયાં ત્યારે આશ્ચર્યથી છાતી ગજરાજ ફૂલી ! બે ઊંચા ઝાડ ઊભાં કરીએ એટલે મોટાં ફળ જ મળે તેવા ભ્રમમાંથી છૂટકારો થયો !

ફળપ્રાપ્તિ, બઢતી, એ બધું જ બાજુએ રાખીને ખરેખર વિચારવા જેવું આ છે કે કોઈ ને કોઈ વિદ્યા અગર કંઈ ને કંઈ કૌશલ પ્રાપ્ત કરવાની કોશિશમાં જિંદગીનો જે

આનંદ છે તેની તોલે બીજું કશું આવી ના શકે. એવી જ રીતે આટલી વિશાળ દુનિયામાં ઘણી બધી જગા છે, ઊંચાં સ્થાનો છે, કેટલાંક સુંદર સ્થળો છે. પણ બધું જ આપણે જોઈ કે ભોગવી શકીએ તેમ નથી. બહારની દુનિયામાં ક્યાં સુંદર સ્થાન – કેવી જગા પ્રાપ્ત કરી લીધી – તેના પરથી પણ તમે તમારા સુખ-સંતોષનો આખરી હિસાબ કાઢી શકવાના નથી. તમારા પોતાના જીવનમાં, તમારા પોતાના ઘરમાં, તમારા પોતાના કુટુંબમાં, તમારા સ્નેહીસંબંધી અને મિત્રોના સમુદાયમાં તમે કેવી રીતે ગોઠવાઈ શકો છો, તમારા માટે કેટલી જગા મેળવી શકો છો – તેના પર તમારા સુખ-સંતોષનો આધાર છે. છેવટે કોઈ પણ માણસ પોતાની જગા અને પોતાનું સ્થાન પોતાની અંદર અને પોતાના આપ્તજનોના હૈયામાં જ શોધવાનું છે. માણસે પોતાની લાયકાતનાં સરનામાં પણ બહાર ને બહાર શોધવાની વધુ પડતી ભાંજગડમાં પડવા જેવું નથી.

સ્પેનનો એક કવિ કહે છે : મારે નક્શામાં કે પ્રત્યક્ષરૂપે કોઈ સુંદર ઊંચા પર્વતો કે સરોવરો કે હરિયાળા પ્રદેશો જોવાની ઝાઝી લાલસા નથી. મને મારા, બાળકના હાથની કળા અને રેખાઓ જોવામાં એટલો રસ પડે છે કે ના પૂછો વાત ! મારા વૃદ્ધ પિતાની કરચલીઓમાં હું જે જોઉં છું એવું ભૂસ્તર મેં ક્યાંય જોયું નથી ! મેં મારી માતાની આંખમાં મારી પોતાની છબી જોઈ છે તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી ! કેટલીકવાર તો સ્નેહના સંબંધોમાં હું જે મીઠી ભીંસ અનુભવું છું તેમાં એટલો બધો તરબતર બની જાઉં છું કે મને લાગે છે કે, આમ ને આમ જીવું તોય મઝા છે અને મરું તો ય ધન્ય !

(રીડગુજરાતી.કૉમ)

# ------દુખનું કારણ------

એક વગડામાં એક કાગડો રહેતો હતો. આમ તો એ આનંદી કાગડો હતો, પરંતુ એક દિવસ તેણે બાજુના વૃક્ષ ઉપર બગલો જોયો. એને જોઈને કાગડાભાઈને લાગ્યું, આ બગલો કેટલો સફેદ અને સુંદર છે! આખા વગડામાં એ જ સૌથી ખુશ હશે...

કાગડો ઊડીને બગલા પાસે ગયો અને પોતાના મનમાં આવેલી વાત જણાવી. એ સાંભળી બગલાએ કહ્યું, ખરેખર તો મને લાગે છે કે પેલો પોપટ દેખાય છે ને એ જ સૌથી ખુશ હશે. એના શરીર પર કેવા બે પ્રકારના રંગ છે!

કાગડાને આ વાત સાચી લાગી એટલે એ પોપટ પાસે પહોંચ્યો. તેને પણ એ જ વાત કરી, ત્યારે પોપટે કહ્યું, સાચું કહું? મને પણ એવું લાગતું હતું, પરંતુ જ્યારથી મેં મોરને જોયો ત્યારથી મને લાગે છે કે મારે તો બે જ રંગ છે, અને મોરને તો કેટલા બધા રંગ છે!

ત્યારપછી કાગડો મોરને શોધતો શોધતો એક પક્ષીઘરમાં પહોંચ્યો. ત્યાં અસંખ્ય લોકો મોરને જોવા એકઠા થયા હતા. કાગડાએ તેની પાસે પહોંચીને કહ્યું, મોરભાઈ, તમે ખૂબ સુંદર છો. કેટલા બધા લોકો તમને જોવા આવ્યા છે! મને લાગે છે કે તમે સૌથી નસીબદાર અને ખુશ પક્ષી છો. તેના જવાબમાં મોરે કહ્યું, આમ તો મને પણ એવું લાગતું હતું. પણ સાચી વાત એ છે કે, આ સુંદરતાને કારણે મને પક્ષઘરમાં પૂરી દેવામાં આવ્યો છે. લોકો મને જૂએ છે, પરંતુ મને મુક્તપણે ઉડવાની, ગમેત્યાં જવાની સ્વતંત્રતા નથી. મને ખ્યાલ આવ્યો છે કે એકમાત્ર કાગડો જ એવું પક્ષી છે જેને કોઈ પક્ષીઘરમાં પૂરતું નથી. ખરેખર તો મને તારી ઈર્ષા આવે છે કે તું હંમેશાં મુક્તપણે ફરી શકે છે, ગમેત્યાં ઊડી શકે છે.

અને ત્યારે કાગડાને પોતાની ભૂલ સમજાઈ. તેને થયું કે મોરની વાત તો સાચી છે. મને ક્યારેય કોઈએ પૂરવાનો પ્રયત્ન કર્યો નથી. હું બધે જ મુક્તપણે વિહાર કરી શકું છું. જ્યારે બાકીના પક્ષીઓને તો પકડીને કાંતો પાંજરામાં પૂરવામાં આવે છે અથવા પક્ષીઘરમાં મૂકી દેવામાં આવે છે, જેથી બધા જોઈ શકે. પણ હું તો સ્વતંત્ર છું.

---

વૉટ્સએપઃ તમે જેવા છો એવા યોગ્ય જ છો. કોઈની સાથે સરખામણી કરવી એ હકીકતે અપરાધ છે. આ કુદરતની વ્યવસ્થા જ એવી છે કે દરેક જીવને કંઈક વિશિષ્ટતા સાથે જ પૃથ્વી પર મોકલે છે. આપણે જે કંઈ છીએ તેમાં સંતોષ રાખવાથી આપણી પ્રગતિ વધારે સારી થઈ શકે છે.

(જીવનની પાઠશાળા પુસ્તકમાંથી – સંકલન અને સંપાદનઃ અલકેશ પટેલ)

# સાચા અર્થમાં પૉઝિટિવિટી ડોનેશન કેમ્પ છે 'જીવનની પાઠશાળા'





"જીવનસાથી, બાળકો, પાડોશી, મિત્ર – સહેલી, ઑફિસમાં સહકર્મચારી, ધંધામાં ભાગીદાર – આ બધામાં એક સમાનતા છે... તેઓ આપણા માર્ગદર્શક છે. પણ હા, શરત માત્ર એટલી કે એ માટે સ્વાર્થી બનવું પડે. આ સ્વાર્થ એટલે તેમનાં વાણી-વર્તન-વ્યવહારમાંથી સારું-સારું મેળવી લેવાનો સ્વાર્થ – પૉઝિટિવ સ્વાર્થ. આ સહેલું નથી, વળી હંમેશાં શક્ય પણ નથી હોતું કેમકે સારા અને ખરાબ વચ્ચે ભેદ પાડવાનું મુશ્કેલ હોય છે. વખાણના મીઠા શબ્દો જોખમી અને ટીકાના કડવા શબ્દો લાભદાયી હોઈ શકે. અને તેથી જ જીવનની પાઠશાળામાં એવી કેટલીક વાતોને સંકલિત કરીને મૂકવામાં આવી છે જે આપણને આ ભેદ સમજવામાં મદદ કરે. આને હું પૉઝિટિવિટી ડોનેશન કેમ્પ કહીશ.." -- ત્રણ ભાગમાં પ્રકાશિત જીવનની પાઠશાળા પુસ્તકના બીજા ભાગના અંતે આ વાક્યો લખવામાં આવ્યાં છે, અને તેના આધારે એટલું કહી શકાય કે આ ત્રણે પુસ્તકોમાં આ સેન્ટ્રલ થીમ સ્પષ્ટપણે જોઈ શકાય છે.




આ પુસ્તક ત્રણ ભાગમાં પ્રકાશિત થયું છે. તેની નોંધપાત્ર વાત એ છે કે 54 પાનાંમાં એક-એક ટૂંકી બોધવાર્તા આપવામાં આવી છે. આ તમામ બોધવાર્તાનું સંકલન અને સંપાદનમાં આપણા રોજિંદા જીવનના અનુભવોનો નીચોડ જોઈ શકાય છે. શાળાના બાળકોથી માંડીને ગૃહિણી, વેપારી, રાજકારણી, વડીલો – તમામને આ પુસ્તકમાંથી કંઈક નવું મળી રહે છે.

જીવનની પાઠશાળા શીર્ષક હેઠળ સૌથી પહેલો ભાગ જાન્યુઆરી 2011માં પ્રકાશિત થયો ત્યારથી આ પુસ્તકશ્રેણી ગુજરાતી વાચકોએ ભારે ઉમળકાથી વધાવી લીધી છે. આ પુસ્તકની લોકપ્રિયતાનું પ્રમાણ એ બાબત ઉપરથી પણ જાણી શકાય છે કે સાત વર્ષમાં જીવનની પાઠશાળા ભાગ-1ની દસ આવૃત્તિ થઈ છે, તો ભાગ-2ની એપ્રિલ 2012થી 2017 દરમિયાન આઠ આવૃત્તિ પ્રકાશિત થઈ છે. વધારે નોંધપાત્ર બાબત એ પણ છે કે આ પુસ્તક શ્રેણીને તાજેતરમાં જ પ્રતિષ્ઠિત અભિયાન સામયિક દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી 10-બેસ્ટ સેલર પુસ્તકોની યાદીમાં (24 જૂન, 2017) પણ જીવનની પાઠશાળાને સ્થાન મળ્યું હતું.




જીવનની પાઠશાળા – ભાગઃ 1 – 2 – 3
સંકલન અને સંપાદનઃ અલકેશ પટેલ
પ્રકાશનઃ અરુણોદય પ્રકાશન
કિંમતઃ પ્રત્યેક ભાગની રૂ. 60.00 (કુલઃ 180)
પાનાઃ પ્રત્યેક ભાગના 60 (કુલઃ 180 પેજ)